# 85

## બોટાદ અને અમદાવાદ જિલ્લામાં પાણી પુરવઠા પ્રભાગ દ્વારા એલ. એન્ડ ટી. (L&T)ને આપવામાં આવેલ ટેન્ડર બાબત

*** 15/3/220: શ્રી ઉમેશભાઈ મકવાણા (બોટાદ)** : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | તા.૩૦/૦૭/૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બોટાદ અને અમદાવાદ જિલ્લામાં પાણી પુરવઠા પ્રભાગ દ્વારા એલ. એન્ડ ટી. (L&T) કંપનીને કેટલા કામો માટે કેટલી રકમના ટેન્ડર આપવામાં આવ્યા, | (૧) | GWILના કાર્યક્ષેત્ર હેઠળ તા.૩૦/૦૭/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બોટાદ અને અમદાવાદ જિલ્લામાં એજન્સી મે. લાર્સન એન્ડ ટુબ્રો લિમિટેડ, ચેન્નાઈને ટોકરાળાથી નાવડા સુધીની બલ્ક પાઈપલાઈનની કામગીરી માટે રૂ.૪૮૫.૫૬ કરોડની રકમની ટેન્ડરની કામગીરી સોંપવામાં આવેલ છે. |
| (૨) | ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલા કામો પુરા કરવામાં આવેલ છે, અને | (૨) | ઉક્ત સ્થિતિએ કામગીરી પ્રગતિમાં છે. |
| (૩) | ઉક્ત કામોની ગુણવત્તાની તપાસ કઈ એજન્સી દ્વારા કરવામાં આવી છે ? | (૩) | ઉક્ત કામગીરીની પ્રોજેક્ટ મોનીટરીંગ (ગુણવત્તા ચકાસણી સહિત)ની કામગીરી મે. વાપ્કોસ લિમિટેડ, ગાંધીનગરને સોંપવામાં આવેલ છે. |

----------------